# ભગવાન નિત્યાનંદની ચાંદ્ર પુણ્યતિથિના સન્માનમાં
# સવાર-સાંજની આરતી

ૐ! પાર્વતીના પતિને નમસ્કાર. હર, હર, હર મહાદેવ!

ગણેશપુરી પવિત્ર યોગભૂમિ છે,
જ્યાં સમર્થ યોગીરાજ નિવાસ કરે છે.
જેમના સ્મરણમાત્રથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે,
એવા શ્રીનિત્યાનંદ મહારાજને હું નમસ્કાર કરું છું!

હે અવધૂત હું આપની આરતી કરું છું.
આપનો જય જયકાર હો! જય જયકાર હો!
હે ગુરુઓના નાથ હું આપની આરતી કરું છું.

આપ આપના ભક્તોને જ્ઞાનનું દાન આપીને,
તેમને નિત્ય સુખ પ્રદાન કરો છો.

મારા-તારાપણાનો ભાવ હરી લઈને, આપ ચિત્તમાં સમતાભાવ આપો છો.

હે નિત્યાનંદ, આપ સાચે જ ભગવાન દત્તાત્રય છો,
આપ હરિહર છો, જગતના ત્રાતા (જગતના રક્ષક) છો.

મુક્તાનંદનું કહેવું છે,
''હે ગુરુદેવ, આપ જ મારા માતા-પિતા છો.''

'સ્વાધ્યાય સુધા' સંપાદિત ભાષાંતર, (ચિત્શક્તિ પબ્લિકેશન્સ, ૨૦૧૬), પૃષ્ઠ. ૧૩૪-૧૩૫